8-3

**વાહન ઉપર કામચલાઉ રજીસ્ટ્રેશન નંબર પ્રદર્શિત કરવા અંગે.**

વાહનવ્યવહાર કમિશ્નરની કચેરી
બ્લોક નં.-૬, ૨જો માળ, ડૉ જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર. ૭૧૧૮
પરિપત્ર ક્રમાંક : ડીએ/કામચલાઉ રજીસ્ટ્રેશન નંબર તારીખ : ૧૬/૦૪/૨૦૧૩
16 APR 2013

<u>વંચાણેલીધા</u> : અત્રેની કચેરીના પત્ર નં.- એમવીપી-૧૯૬૨૦૧૨-૯૯/૮૭૯૦ તા. ૩.૧૦.૨૦૧૨.

# પરીપત્ર

**આમુખ:**

૧. મોટર વાહન કાયદાની કલમ-૩૯ મુજબ દરેક વાહનનું રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. વગર રજીસ્ટ્રેશન વાહન ચલાવવુ ગુનાને પત્ર છે. કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ-૪૨ મુજબ ટ્રેડ સર્ટીફીકેટ ધારક ડીલર દ્વારા વાહનની ડીલીવરી ટેમ્પરરી અથવા પરમેનન્ટ રજીસ્ટ્રેશન નંબર વગર આપી શકાતી નથી. કેન્દ્રીય મોટર વાહન નિયમોના નિયમ-૫૦ મુજબ વાહન ઉપર રજીસ્ટ્રેશન માર્ક નિયમોની જોગવાઇઓ મુજબ ગુજરાત મોટર વ્હીકલ્સ રૂલ્સ, ૧૯૮૯ ના નિયમ-૫૨ (૫) મુજબ મોટર વાહનમાં આગળ અને પાછળના ભાગે ટેમ્પરરી રજીસ્ટ્રેશન માર્ક પ્રદર્શિત કરવો જરૂરી છે. કોઇ પણ વાહન ઉપર કાયદેસર રીતે મેળવવામાં આવેલ રજીસ્ટ્રેશન નંબર ન દર્શાવેલ હોય તો તે વાહન ઉપર મોટર વાહન કાયદાની કલમ-૧૭૭ તેમજ ૧૯૨ ની જોગવાઇઓ મુજબ કાર્યવાહી થઇ શકે તેમ છે.

૨. કોઇ પણ વાહન માટે જયાં સુધી કાયમી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂરી ન થયેલ હોય અને વાહન ડીલરનાપ્રીમાઇસમાંથી બહાર લઇ જવાનું હોય તે સંજોગોમાં વાહનની હંગામી નોંધણી કરી હંગામી નોંધણી નંબર આપવાની જોગવાઇ કાયદામાં છે. સંદર્ભમાં દર્શાવેલ પરિપત્રથી હંગામી નોંધણી પ્રક્રિયા વિભાગ ધ્વારા ઓનલાઇન રીતે દાખલ કરવામાં આવેલ છે કે જેથી વાહન ખરીદનાર કોઇપણ વ્યકિત આવા હંગામી નોંધણી નંબર ઓનલાઇન ગમે તે સમયે મેળવી શકે તેમ છે. જેમાં તે ટ્રેડ સર્ટીકીફેટ ધરાવતા ડીલરની સહાય મેળવી શકે છે.

3. અત્રેના ધ્યાને એવી બાબત આવેલ છે કે, અમુક કિસ્સાઓમાં કામચલાઉ નોંધણી કરાવ્યા સિવાય અધિકૃત વિક્રેતા ધ્વારા વાહનની ડીલીવરી આપવામાં આવે છે. જે કાયદા વિરુધ્ધની બાબત છે.

૪. અમુક કિસ્સાઓમાં વાહન માલિકે હંગામી નોંધણી નંબર મેળવેલ હોય છે. પરંતુ, તેઓ આ હંગામી નોંધણી નંબર વાહન ઉપર યોગ્ય રીતે પ્રદર્શિત કરતા નથી. જેના કારણે ખરેખર વાહનની હંગામી રીતે નોંધણી થયેલ છે કે કેમ તે અંગે પ્રશ્નો ઉપસ્થિત થાય છે. કોઇ પણ સંજોગોમાં નોંધણી વગરનું વાહન જાહેર રસ્તા ઉપર ફેરવી શકાય નહિં તે કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતાં નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવા સર્વેને જણાવવામાં આવે છે.

(એ) જ્યાં સુધી કાયમી નોંધણી નંબર મેળવી એચ.એસ.આર.પી. ફીટ થયેલ ન હોય ત્યાં સુધી વાહન ઉપર હંગામી નોંધણી નંબર પ્રદર્શિત કરવાનો રહેશે.

(બી) હંગામી નોંધણી નંબર કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ-૫૧ મુજબની જ જોગવાઇઓ મુજબ નિર્ધારિત રંગ, સાઇઝ, જાડાઇ વિગેરે મુજબ જ દર્શાવવાનો રહેશે.

(સી) કોઇ પણ સંજોગોમાં વાહન ઉપર એપ્લાઇડ ફોર રજીસ્ટ્રેશન એવેટિંગ રજીસ્ટ્રેશન અથવા વાહન વિક્રેતાનો ટી.સી. નંબર દર્શાવી શકાશે નહિં. આવા લખાણ સાથેના વાહનોને પ્રાથમિક દ્રષ્ટિએ રજીસ્ટ્રેશન વગરના માની કાર્યવાહી હાથ ધરી શકાશે.

(ડી) કંપની બીલ્ટ વાહનોના કિસ્સામાં હંગામી નોંધણીની વધુમાં વધુ મર્યાદા એક મહિનાની છે. તેથી આ મર્યાદા પૂરી થાય ત્યાં સુધીમાં વાહનનું કાયમી રજીસ્ટ્રેશન કરાવી નોંધણી ક્રમાંક મેળવી લેવાનો રહેશે અથવા જયારે ચેસીસ પર બોડી બાંધવાની છે તેવા કિસ્સામાં રજીસ્ટ્રીંગ ઓથોરીટીએ જે મુદત નીયત કરેલ હોય મુદત મર્યાદા નકકી થાય તે પહેલાં નંબર મેળવી લેવાનો રહેશે. આવો કાયમી નંબર મેળવી એચ.એસ.આર.પી ની જોગવાઇઓ અનુસરી નંબર વાહન ઉપર દર્શાવવાનો રહેશે. અન્યથા વાહનને નોંધણી વગરનું ગણી તેની સામે કાયદા પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે.

ઉપર મુજબની જોગવાઇઓનું પાલન ન કરતાં વાહન ઉપર મોટર વાહન કાયદાની કલમ-૧૯૨ અને ૧૭૭ મુજબ કડક કાર્યવાહી હાથ ધરવા બધા આર.ટી.ઓ.ને જણાવવામાં આવે છે. આવા શંકાસ્પદ વાહનો સામે વાહનો ડીટેઇન કરવા સુધીની કડક કાર્યવાહી હાથ ધરી આવા કેસોમાં યોગ્ય કાર્યવાહી થાય તે સુનિશ્ચિત કરવુ.

ઉપરોકત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા તથા વાહનના અધિકૃત વિક્રેતાઓને આ અંગે જાણ કરવા જણાવવામાં આવે છે.

રવાના કરવા અધિકૃત

(એસ.સી. પંડયા)
મોટર વાહન પ્રોસીકયુટર
વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી
ગુજરાત રાજય, ગાંધીનગર.

સહી/-
(જ.પ્ર. ગુપ્તા)
વાહન વ્યવહાર કમિશ્નર
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,

(૧) પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી, તમામ આ પરિપત્રને આપના વિસ્તારના બહોળી પ્રસિધ્ધ ધરવતા વર્તમાનપત્રમાં આપવા જણાવવામાં આવે છે.

(૨) સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી, તમામ

(૩) ઇન્ચાર્જ મોટર વાહન નિરીક્ષકશ્રી, ચેકપોસ્ટઃ તમામ